# શનિવાર, ૨૦મી જુલાઈ, ૨૦૨૪

**૧૧૬. ગૌણ વિધાન સમિતિની બેઠક:-**

ગૌણ વિધાન સમિતિની બેઠક સોમવાર, તા.૨૪/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે સમિતિ ખંડ–૨માં મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના એજન્ડા ક્રમાંક: ૧ અને ૨ તેમજ નાણા વિભાગના એજન્ડા ક્રમાંક: ૩ થી ૭૦પરની અધિસૂચનાઓની આંતરિક તપાસ હાથ ધરી હતી. સદર અધિસૂચનાઓ પરત્વે સમિતિએ ચર્ચા વિચારણા કરી હતી તેમજ ઉક્ત અધિસૂચનાઓ પૈકી એજન્ડા ક્રમાંક: ૧ અને ૨ પરની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના સંબંધે ગુજરાત માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) નિયમો, ૨૦૧૬ના અમલીકરણ અને વ્યાપક હિતમાં નગર વેચાણ સમિતિની જોગવાઈઓ સમજવા તેમજ ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સંબંધિત એજન્ડા ક્રમાંક: ૬ અને ૭ પરની અધિસૂચનાઓ અનુસંધાને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી સંબંધે અનામતની બાબત સમિતિ વધુ વિગતવાર સમજંવા માગતી હોઈ ઉક્ત બન્ને વિભાગોને સમિતિએ રૂબરૂ તપાસ માટે સમિતિની આગામી બેઠક સોમવાર તા.૦૮/૦૭/૨૦૨૪ના રોજ બોલાવવાનું નક્કી કર્યું હતું. અન્ય તમામ અધિસૂચનાઓ ચર્ચાને અંતે સમિતિએ મંજૂર રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**